પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૨૬ | ૧૬ જુલાઈ, ૨૦૧૯, મંગળવાર; અષાઢ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેવવ્રત આચાર્ય રાજ્યના નવા રાજ્યપાલ

**હિમાચલ પ્રદેશના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ગુજરાતમાં અને કલરાજ મિશ્રા હિમાચલ પ્રદેશના નવા રાજ્યપાલ નિમાયા : આગામી ત્રણ મહિનામાં કુલ દસ રાજ્યોના રાજ્યપાલોની અવધિ પૂર્ણ થશે : યુપીના રાજ્યપાલની અવધિ પૂર્ણ કરાશે**

નવી દિલ્હી,તા.૧૫

ભાજપના વરિષ્ઠ નેતા કાલરાજ મિશ્રાને હિમાચલ પ્રદેશના નવા રાજ્યપાલ તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. જ્યારે પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી અને નરેન્દ્ર મોદીની પ્રથમ અવધિની સરકારમાં મંત્રી રહી ચુકેલા કાલરાજ મિશ્રાને મોટી જવાબદારી સોંપવામાં આવતા રાજકીય વતુળોમાં ચર્ચા જોવા મળી રહી છે. કાલરાજ મિશ્રાને આચાર્ય દેવવ્રતની જગ્યાએ હિમાચલ પ્રદેશના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશના દિગ્ગજ નેતા કાલરાજને રાજ્યપાલ બનાવવાને લઈને ચર્ચા છેલ્લા ઘણા સમયથી ચાલી રહી હતી. બીજી બાજુ દેવવ્રત ગુજરાતના રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલીની જગ્યાએ જવાબદારી લેશે. કોહલીની અવધિ પૂર્ણ થઈ ચુકી છે. કોહલીને ૧૬મી જુલાઈ ૨૦૧૪ના દિવસે ગુજરાતના રાજ્યપાલ તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી. જ્યારે દેવવ્રતનો ૧૨મી ઓગસ્ટ ૨૦૧૫ના દિવસે હિમાચલ પ્રદેશના રાજ્યપાલ બનાવવામાં આવ્યા હતા. લોકસભા ચૂંટણી દરમિયાન કલરાજ મિશ્રએ કહ્યું હતું કે, તેઓ આ વખતે લોકસભા ચૂંટણી નહીં લડે.કાલરાજ મિશ્રા ૧૯૭૮, ૨૦01 અને ૨૦૦૬માં રાજ્યસભાના સાંસદ રહી ચૂક્યા છે. ૨૦૧૨માં તેઓ લખનઉ વિધાનસભા સીટથી પણ ધારાસભ્ય ચૂંટાયા હતા. ૨૦૧૪માં તેઓ દેવરિયાના સાંસદ તરીકે ચૂંટાયા હતા. આગામી ત્રણ મહિનામાં ૧૦



રાજ્યોના રાજ્યપાલનો કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે. જેમાં ઉત્તરપ્રદેશના રાજ્યપાલ રામનાઈક પણ સામેલ છે. રામનાઈકનો કાર્યકાળ ૨૨ જુલાઈએ પૂર્ણ થઈ રહ્યો છે. આ સમયે જ સરકારને રાજ્યપાલની નિમણૂક કરવાની છે જેની શરૂઆત સોમવારે હિમાચલ પ્રદેશ અને ગુજરાતના નવા રાજ્યપાલની નિમણૂકના આદેશ જાહેર કર્યા છે. કાલરાજ મિશ્રા મોદી સરકારનો ૨૦૧૪થી ૨૦૧૯ના ગાળામાં જુદી જુદી જવાબદારી સંભાળી ચુક્યા છે. ૭૫ વર્ષની વયને પાર કર્યા બાદ ૨૦૧૭માં મિશ્રાએ મંત્રી પદ છોડવાની જાહેરાત કરી હતી. ભારતના બંધારણીય માળખામાં રાજ્યપાલના હોદ્દાને બંધારણીય ગણવામાં આવે છે. બંધારણના ભાગ છમાં રાજ્યની શાસન વ્યવસ્થાની જવાબદારી રહેલી છે. કેન્દ્ર સરકારની સલાહ પર રાષ્ટ્રપતિ રાજ્યોમાં રાજ્યપાલ તરીકેની અને કેન્દ્ર શાસિત રાજ્યોમાં નાયબ રાજ્યપાલની નિમણૂક કરે છે

# ટેકનિકલ ખામીને પગલે મિશન ચન્દ્રયાન-૨ રોકાયું



**લોન્ચિંગ કાઉન્ટડાઉનને ૧.૫૫ વાગે રોકી દેવાની ફરજ : નવી તારીખની ટુંક સમયમાં જાહેરાત કરાશે : ચાર દિવસની અંદર ચંદ્રયાન-૨ને લોન્ચ નહિ કરાય તો ત્રણ મહિના માટે ટળી જશે**

શ્રીહરિકોટા,તા. ૧૫

ભારતનુ ચન્દ્ર પર પહોંચી જવા માટેનુ સપનુ થોડાક સમય માટે ટળી ગયુ છે. હકીકતમાં ચન્દ્ર પર જનાર મિશન ચન્દ્રયાન-૨ લોન્ચિંગના એક કલાક પહેલા રોકી દેવામાં આવ્યા બાદ નિરાશા જોવા મળી હતી. આને લઈને ભારે ઉત્સુકતા હતી. લોન્ચિંગના એક કલાક પહેલા સમગ્ર મિશન રોકી દેવામાં આવ્યુ હતુ. લોન્ચિંગ સિસ્ટમમાં ટેકનિકલ ખામીના કારણે ઈસરોએ લોંચને મોકુફ કરી દીધો હતો. લોન્ચિંગ માટે નવી તારીખની ટુંક સમયમાં જ જાહેર કરવામાં આવનાર છે. રવિવારે વહેલી પરોઢે ૨.૫૧ વાગે લોન્ચિંગની તૈયારી હતી. જો કે ગણતરીને ૧.૫૫ વાગે રોકી દેવામાં આવી હતી. રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દ પણ લોંચને જોવા માટે શ્રીહરિકોટામાં હતા. ઈસરોએ નિવેદન જારી કરીને કહ્યુ છે કે લોંચથી આશરે એક કલાક પહેલા લોન્ચ વ્હીકલ સિસ્ટમમાં એક ટેકનિકલ ખામી સર્જાઈ ગઈ હતી. જેથી લોંચ કાર્યક્રમને રોકી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. હવે નવી તારીખ ટુંક

● અનુસંધાન પાન-૭ પર

## જુનમાં જથ્થાબંધ ફુગાવો ઘટી ૨.૦૨ ટકા : મોંઘવારી ઘટી

નવી દિલ્હી,તા. ૧૫

હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ આધારિત ફુગાવો જુન મહિનામાં ઘટીને ૨૩ મહિનાની નીચે સપાટીએ પહોંચી જતા રાહતના સમાચાર મળ્યા છે. ફુગાઓ ઘટીને ૨.૦૨ ટકા થઈ ગયો છે. શાકભાજી, ઈંધણ અને વિજળી સાથે જોડાયેલી ચીજવસ્તુઓમાં કિંમતોમાં ઘટાડો થવાના કારણે ડબલ્યુપીઆઈ આધારિત ફુગાઓ મે મહિનામાં ૨.૪૫ ટકા હતો. જે હવે જુન મહિનામાં ઘટીને ૨.૦૨ ટકા થઈ ગયો છે. જુન ૨૦૧૮માં આ આંકડો ૫.૬૮ ટકા હતો. બટાકાના હોલસેલ મુલ્ય જુનમાં ૨૪.૨૭ ઘટી ગયા છે. જ્યારે મે મહિનામાં બટાકાના મોંઘવારી દર ૦થી ૨૩.૩૬ ટકા નીચે રહ્યોછે. ડુંગળીની કીમતમાં વધારો થયો છે. જુનમાં મોઘવારીનો દર ૧૬.૬૩ ટકા હતો. જુન મહિના

**ફુગાવો ૨૩ મહિનાની નીચે સપાટીએ પહોંચ્યો : ફુગાવાનો આંકડો ઘટતા સરકારને પણ મોટી રાહત**

માટેના રિટેલ ફુગાવાના આંકડા શુક્રવારના દિવસે જારી કરાયા હતા. સતત છઠ્ઠા મહિનામાં તેજીના વલણ સાથે જૂન મહિનામાં રિટેલ ફુગાવાનો આંકડો વધીને ૩.૧૮ ટકા થઈ ગયો છે.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**પાક.માં વાદળ ફાટતા ૨૩ના મોત**

પાકિસ્તાનની નીલમઘાટીમાં વાદળ ફાટતા ૨૩ લોકોના મૃત્યુ નીપજ્યા છે જ્યારે કેટલાય લાપત્તા છે. ઘાટીના લાસવા વિસ્તારમાં મોટી સંખ્યામાં ઘર ક્ષતિગ્રસ્ત બની ગયા છે અને સતત વરસાદના કારણે કેટલાય ઘરો વહી ગયા છે.

**સપાના સાંસદનું રાજીનામુ**

રાજીનામાની યાદીમાં વધુ એક નામ ઉમેરાયુ છે. સમાજવાદી પાર્ટીના રાજ્યસભા સાંસદ અને પૂર્વ પ્રધાનમંત્રી ચંદ્રશેખરના દીકરા નીરજ શેખરે રાજીનામુ આપી દીધુ છે. તેઓએ પોતાની પરંપરાગત સીટ બલીયાથી ટિકીટ માંગી છે પરંતુ સપાએ તેઓને ટિકીટ ન આપતા તેઓએ રાજીનામુ આપ્યુ છે. તેઓ ભાજપમાં જોડાય તેવી ચર્ચા છે.

**દેશની ૫૬ સરકારી કંપનીઓની હાલત ખરાબ**

દેશની સરકારી કંપનીઓની હાલત દિવસે દિવસે બગડી રહી છે. વર્ષ ૨૦૧૫-૧૬માં આવી કંપનીઓની સંખ્યા ૪૮ હતી જે ૨૦૧૭-૧૮માં વધીને ૫૬ થઈ ગઈ છે. જેમાં પ્રથમક્રમે એર ઈન્ડિયા છે. એર ઈન્ડિયાનુ નુકશાન ૫૩,૯૧૪ કરોડ પર પહોંચ્યુ છે.

**ભાજપના મહાસચિવ તરીકે બીએલ સંતોષની નિમણૂંક**

ભાજપા અધ્યક્ષ અમિત શાહે પાર્ટીના સંયુક્ત મહાસચિવ (સંગઠન) બીએલ સંતોષની પાર્ટીના મહાસચિવ (સંગઠન) તરીકે નિમણૂક કરી છે. આના એક દિવસ અગાઉ જ રામલાલને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં પરત મોકલવામાં આવ્યા હતા. તેમણે ૧૩ વર્ષ સુધી આ પદની કમાન સંભાળી હતી.

## કુમારસ્વામી ૧૮મીએ વિધાનસભામાં વિશ્વાસ મત પુરવાર કરશે : સિદ્ધારમૈયા

બેંગ્લુરુ,તા.૧૫

કર્ણાટકમાં રાજનીતિક સંકટ હજુ વધારે સમય સુધી ચાલી શકે છે. કોંગ્રેસના ધારાસભ્ય દળના નેતા સિદ્ધારમૈયાએ એલાન કર્યું કે, ૧૮ જુલાઈના રોજ વિધાનસભામાં વિશ્વાસમત પર ચર્ચા થશે. સિદ્ધારમૈયાએ જણાવ્યું કે, સીએમ એચડી કુમારસ્વામીએ વિધાનસભાની અંદર વિશ્વાસ પ્રસ્તાવ મુક્યો અને ૧૮ જુલાઈએ તેના પર ચર્ચા કરવામાં આવશે. માનવામાં આવી રહ્યું છે કે, કોંગ્રેસે ૩ દિવસ બાદ વિશ્વાસમત પર ચર્ચાક રવાનું એલાન કરીને એક તીરથી અનેક શિકાર કરવાની કોશિશ કરી છે. તે પહેલાં કુમારસ્વામીએ કહ્યું કે, તે કોઈપણ સમયે વિશ્વાસમત માટે તૈયાર છે.

સુપ્રીમ કોર્ટ કોંગ્રેસ અને જેડીએસના બાગી ધારાસભ્યોની અરજી પર મંગળવારે સુનાવણી કરશે. માનવામાં આવી રહ્યું છે કે, સુપ્રીમ કોર્ટ આજ દિવસે પોતાનો નિર્ણય સંભળાવી શકે છે. તેને જોતાં કોંગ્રેસે વિશ્વાસમત માટે ૧૮ જુલાઈનો સમય નક્કી કર્યો છે. તેનાથી કોંગ્રેસ-જેડીએસને એક ફાયદો એ થશે કે, તેમને કુમારસ્વામીની સરકાર બચાવવા માટે વધારે સમય મળશે.

● અનુસંધાન પાન-૭ પર

# લોકસભામાં એનઆઈએ સુધારા બિલને લીલીઝંડી

નવી દિલ્હી, તા. ૧૫

લોકસભામાં સોમવારના દિવસે એનઆઈએ સુધારા બિલ ઉપર ઉગ્ર ચર્ચા થઈ હતી. આ ગાળા દરમિયાન ગૃહમંત્રી અમિત શાહે વિપક્ષની શંકાનો જવાબ આપતા કહ્યુ હતું કે, સરકાર આ કાયદાનો દુરઉપયોગ કરવાની કોઈ યોજના ધરાવતી નથી. તેમણે કહ્યું હતુ કે, આ કાયદાનો ઉપયોગ આતંકવાદને ખતમ કરવા માટે કરવામાં આવશે. અમિત શાહે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, જ્યારે આ કાનુનનો ઉપયોગ કરવામાં આવશે ત્યારે કોણ કયા ધર્મ સાથે સંબંધિત છે. તે બાબતને જોવામાં આવશે નહીં. અમિત શાહે વિપક્ષી સાંસદોના પ્રશ્નોના જવાબ આપ્યા હતા અને કહ્યું હતું કે, પોટા કાયદાના દુરપયોગના કારણે નહીં બલકે વોટબેંકની રાજનીતિના કારણે ખતમ કરવામાં આવ્યુ હતું. આ ચર્ચા દરમિયાન અમિત શાહ અને વિવાદાસ્પદ નેતા ઓવૈસી વચ્ચે જોરદાર ખેચતાણ જોવા મળી હતી. વોટિંગ બાદ આ બિલ ઉપર સોમવારના દિવસે પસાર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. લોકસભા દ્વારા આજે એનઆઈએ સુધારા બિલ-૨૦૧૯ને લીલીઝંડી આપી દેવામાં આવી હતી. વિરોધમાં માત્ર ૬ મત પડ્યા હતા. આ બિલમાં રાષ્ટ્રીય તપાસ સંસ્થા (એનઆઈએ)ને ખુબ સત્તા આપવામાં આવી છે. આ તપાસ સંસ્થાને ભારતની બહાર કોઈ અપરાધના સંદર્ભમાં મામલાની નોંધણી કરવા અને તપાસના નિર્દેશ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. જોરદાર ચર્ચા આ બિલ ઉપર થઈ હતી. ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતું કે, આના ઉપર મતવિભાજન ચોક્કસ પણે થાય તે જરૂરી છે. અમે આની માંગ કરીએ છીએ જેથી જાણી શકાશે આતંકવાદની સાથે કોણ છે અને આતંકવાદની સાથે કોણ નથી.

**અમિત શાહ અને ઓવેસી વચ્ચે ઉગ્ર બોલાચાલી : ઓવૈસી સાહેબ સાંભળવાની આદત પાડો : શાહ - ઓવૈશીએ ટોણો મારતા કહ્યું મને ડર લાગે છે : સુધારા બિલને મંજુરી બાદ એનઆઈએને વધારે તાકત મળશે : લોકસભામાં બિલ પર ચર્ચાનો જવાબ ગૃહ રાજયમંત્રી આપ્યો : એજન્સીને મજબુત કરાશે**



# આસામ, બિહારમાં પુરની સ્થિતિ ગંભીર

**૪૫ લાખથી વધુને અસર : બિહારમાં ૯ અને આસામમાં ૩૧ જિલ્લાઓ સકંજામાં આવ્યા : આસામમાં પુરની પરિસ્થિતિ વધુ ગંભીર બનતા મોદીની મુખ્યમંત્રી સોનોવાલ સાથે વાતચીત : મેઘાલય, ત્રિપુરા, ઉત્તરપ્રદેશમાં પણ હાલત કફોડી બની છે**



નવીદિલ્હી, તા. ૧૫

મોનસુની વરસાદ અને પડોશી દેશ નેપાળમાં આવેલા પુરના કારણે દેશના કેટલાક રાજયોમાં પુરની સ્થિતી હવે ગંભીર બની ગઈ છે. બિહાર અને આસામ સહિત જુદા જુદા રાજ્યોમાં પુર અને વરસાદના કારણે કુલ ૪૫ લાખ લોકોને અસર થઈ છે. સાથે સાથે ૧૫ લોકોના મોત થયા છે. એકબાજુ બિહારમાં નવ જિલ્લા પુરના સકંજામાં આવી ચુક્યા છે. જેથી ૧૮ લાખ લોકોને અસર થઈ છે. આસામ અને બિહાર ઉપરાંત મેઘાલય, ઉત્તરપ્રદેશ, બંગાળમાં પણ ભારે વરસાદના લીધે જનજીવનને અસર થઈ છે. આસામના મોટા ભાગના જિલ્લા બ્રહ્મપુત્ર અને તેની સહાયક નદીઓમાં પાણીની સપાટી વધી જતા પુરના સકંજામાં આવી ગયા છે. પુરના કારણે બિહારમાં ચાર અને આસામમાં ૧૧ લોકોના મોત થઈ ગયા છે. પશ્ચિમ બંગાળના ઉત્તરીય જિલ્લાઓ અને ઉત્તરપ્રદેશના પૂર્વીય જિલ્લામાં પણ નદીઓમાં પાણીની સપાટી વધી રહી છે. પંજાબ અને હરિયાણાના કેટલાક ભાગો પણ અસરગ્રસ્ત થયા છે. ગુવાહાટીથી પ્રાપ્ત અહેવાલ મુજબ આસામમાં

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હી-એનસીઆરમાં પણ વરસાદ : મોનસુનની એન્ટ્રી

નવી દિલ્હી,તા. ૧૫

દિલ્હી અને એનસીઆરના વિસ્તારોમાં પણ ભીષણ ગરમી નોંધાયા બાદ આખરે વરસાદની એન્ટ્રી થઈ છે. આજે સવારથી જ વાદળો છવાયેલા રહ્યા હતા. લોકો વરસાદ માટે રાહ જોઈ રહ્યા હતા. મોનસુને રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં એક સપ્તાહ માડેથી એન્ટ્રી કરી છે. પરંતુ મોનસુન કમજોર થતા લોકોમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યુ હતું. હવે ભારે વરસાદ થઈ રહ્યો છે. હાલમાં મોનસુનની એન્ટ્રી થયા બાદ આસમાનમાં વરસાદી વાદળો હતો પરંતુ વરસાદ પડી રહ્યો ન હતો. જેથી લોકોને વધારે ગરમીનો અનુભવ થઈ રહ્યો હતો. હવે વરસાદ પડતા લોકોને રાહત થઈ છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

R K VACATIONS PVT. LTD.
બેંગકોક પટાયા
રીર્ટન એર ટીકીટ, ૩*હોટલ સ્ટે, બ્રેકફાસ્ટ, ડિનર, એરપોર્ટ ટ્રાન્સફર, કોરલ આઈલેન્ડ
5N- 6D 27999 ₹
ગોવા
રીર્ટન એર ટીકીટ, ૪*હોટલ સ્ટે, બ્રેકફાસ્ટ, ડિનર, એરપોર્ટ ટ્રાન્સફર, સાઈટ સીઈંગ
3N- 4D 14999 ₹
5000 રૂા. નું ગીફ્ટ વાઉચર દરેક પેકેજ પર પ્રતિ વ્યકિત
+91 79 61 61 35 35 - 40 40 35 35

